**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૨૯ ટકા ● સાંજે ૧૪ ટકા

# સેકટર-૧૩માં 'આઈપીએલ' કરતા 'જીપીએલ'નો ક્રેઝ વધુ






## ગ-રોડ પર ગ-૩ સર્કલ નજીક રમાતી જીપીએલ નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ આકર્ષણનું કેન્દ્ર બની : હેલોજનના પ્રકાશમાં લૉન ટેનિસ બૉલથી રમાતી જીપીએલનું આઈપીએલની થીમ આધારિત આયોજન : ૧૦ વર્ષથી માંડીને ૬૦ વર્ષના ખેલાડીઓ રમે છે

ગાંધીનગર, તા.૨૮

ભારતમાં ક્રિકેટ સૌથી વધુ લોકપ્રિય રમત છે અને તેમાં પણ વેકેશન દરમિયાન યોજાતી આઈપીએલનો ક્રેઝ તો તમામ સરહદો વટાવી જાય તેવો હોય છે. હાલ, એક તરફ આઈપીએલ ચાલી રહી છે ત્યારે ગાંધીનગરમાં સેકટર-૧૩માં યુવાનો દ્વારા આઈપીએલની થીમ આધારિત જીપીએલનું આયોજન કરવામાં આવ્યું છે. સતત સાતમા વર્ષે યોજાયેલી જીપીએલ આ વિસ્તારના રહીશો માટે આઈપીએલ કરતા પણ વધુ મહત્વ ધરાવે છે. ફાઈનલ મેચ બાદ વિજેતા ટીમ, રનર્સ અપ ટીમ તથા મેન ઓફ ધ સિરીઝ, બેસ્ટ બોલર, બેસ્ટ બેટસમેન જેવી ટ્રોફીઓ પણ અપાશે.

શહેરના ગ-રોડ પર ગ-૩ સર્કલની નજીક સે-૧૨ની વિવેકાનંદ સ્કૂલની સામે સેકટર-૧૩માં ત્રણ દિવસ માટે જીપીએલ એટલે કે 'ગણેશ પ્રિમિયર લીગ' ક્રિકેટ ટૂર્નાનેન્ટ યોજવામાં આવી છે. જેમાં રવિવારે રાત્રે સેમી ફાઈનલ અને ફાઈનલ મેચ રમાશે. લૉન ટેનિસના બોલથી હેલોજન લાઈટોના પ્રકાશમાં રમાતી જીપીએલમાં સેકટર-૧૩ના પ્લોટ નં. ૫૧૮ની આસપાસ બે ચોકઠાના જ બાળકો-યુવાનો મળી કુલ ૬ ટીમો ભાગ લઈ રહી છે. આ બે ચોકઠાના બાળકો-યુવાનોના ગણેશ યુવક મંડળ દ્વારા જીપીએલનું આયોજન કરાયું છે. જેમાં લીગમેચ ૮ ઓવરની, સેમી ફાઈનલ ૧૦ ઓવરની અને ફાઈનલ મેચ ૧૨ ઓવરની રમાડાય છે. રોડ સાઈડમાં મર્યાદિત જગ્યામાં રમાતી જીપીએલમાં ૧૦ વર્ષથી માંડીને ૬૦ વર્ષના ખેલાડી ભાગ લઈ રહ્યા છે પરંતુ દરેક મેચની પ્રથમ ત્રણ ઓવર નાના બાળકોને જ ફરજિયાત આપવાની હોય છે. જીપીએલમાં આઈપીએલની જેમ જ બેટીંગ પાવર પ્લે અને બોલીંગ પાવર પ્લે પણ હોય છે તેમજ દરેક મેચના અંતે 'મેન ઓફ ધ મેચ', ઓરેન્જ કેપ, પર્પલ કેપ વગેરે પણ આપવામાં આવે છે.

આપીએલની જેમ જીપીએલમાં પણ દરેક ટીમ અલગ અલગ રંગનો ડ્રેસ પહેરીને રમે છે જે સહિત તમામ ખર્ચ યુવા ખેલાડીઓ દ્વારા ઉપાડવામાં આવે છે. દરરોજ રાત્રે ૮ વાગ્યાથી જીપીએલનો પ્રારંભ થાય છે અને અંદાજે ૧૧ વાગ્યાની આસપાસ સુધીમાં રોજની ત્રણ મેચ રમાડવામાં આવે છે. વળી ખેલાડીઓ માટે ઠંડા પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. જીપીએલમાં લાઈવ કોમેન્ટરી સાથે મેચ રમાડાતી હોવાથી રોમાંચક માહોલ ખડો થાય છે અને આ ચોકઠાં સહિત આસપાસના સેકટર્સના રહીશો-બાળકો-યુવાનો મોટી સંખ્યામાં એકઠા થઈ જીપીએલની મેચોનો આનંદ માણે છે અને ખેલાડીઓ માટે ચીઅર અપ પણ કરે છે.

### જીપીએલની ૬ ટીમો વચ્ચે ટક્કર

- ગણેશ ઈલેવન
- સ્ટ્રાઈકર્સ ઈલેવન
- પબ્જી ઈલેવન
- બ્રાહ્મણ બૉયઝ
- રેડ ડેવિલ
- કિંગ ઓફ ગાંધીનગર

### સ્થાનિક ગણેશ યુવક મંડળનું સાત વર્ષથી આયોજન

સેકટર-૧૩ના ગણેશ યુવક મંડળ દ્વારા નવરાત્રિ, ગણેશોત્સવ જેવા તહેવારો ઉજવવામાં આવે છે. આ યુવક મંડળ દ્વારા જ ૭ વર્ષથી જીપીએલનું આયોજન કરવામાં આવે છે. જેમાં નજીકના ઘરોમાંથી લાઈન ખેંચી હેલોજન પ્રકાશની વ્યવસ્થા કરાય છે. ગણેશ યુવક મંડળમાં મયુર ચાવડા, હિરવ વોરા, સુનિલ યાદવ, ઘનશ્યામ ડાભી, વિશાંગ પટેલ, ભાવેશ દરજી સહિત અનેક યુવાનો સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. ટૂર્નામેન્ટના સમાપને યુવક મંડળ દ્વારા નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

# ન્યુ ગાંધીનગર ગણાતા સરગાસણના અટ્રીયા પાસેથી ક્રિકેટનો સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ન્યુ ગાંધીનગર ગણાતા સરગાસણ વિસ્તારમાં આવેલા અટ્રીયા કોમ્પ્લેક્ષની પાસેથી લાઈવ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો શખ્સ એલસીબી પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ ગયો છે. કોમ્પ્લેક્ષ નીચે આવેલા ઈડન સલુન પાસે યુવક મુંબઈ ઈન્ડીયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચેની લાઈવ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હતો. ત્યારે ગાંધીનગર એલસીબી પોલીસના કોન્સ્ટેબલ હસમુખભાઈને બાતમી મળી હતી જેના આધારે તેઓએ શુક્રવારના રોજ મોડી સાંજે રેઈડ કરીને પકડી પાડ્યો હતો. સટ્ટો રમતા યુવક વિમલ દિનેશભાઈ પટેલ (ઉં.વ.૨૪ રહે.સૌદર્ય-૪૪૪ સરગાસણ મુળ રહે.નેધરાડ સાણંદ) ને મોબાઈલ એપના માધ્યમથી ક્રિકેટનો સટ્ટો રમતો હતો. એલસીબી પોલીસની પ્રાથમિક તપાસમાં મોબાઈલમાં એક એપ્લિકેશન મળી આવી છે. જે અમદાવાદના દર્શન શાહ નામના વ્યકિત પોતાના આઈડીથી યુવકના મોબાઈલમાં નાંખી આપી હતી. જેમા યુવક રૂ.૨૦ હજારનું બેલેન્સ કરાવી સટ્ટો રમતો હતો. યુવક પકડાયો ત્યારે તેના મોબાઈલમાં રૂ.૧૧ હજારનું બેલેન્સ હતું. એલસીબી પોલીસે સે-૭ પોલીસ મથકે ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

# સરગાસણ પાસે મોપેડ-કાર વચ્ચે અકસ્માત : ત્રણ ઘાયલ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૩ ખાતે રહેતા અને અમદાવાદ લેબર કોર્ટમાં એડવોકેટ તરીકે પ્રેકટીસ કરતા નાગરીકને સરગાસણ પાસે અકસ્માત નડ્યો છે. મોપેડ પર પત્નિ અને બાળક સાથે રાત્રે બહાર જમવા નીકળેલા વકીલના મોપેડને કાર ચાલકે ટક્કર મારી હતી. કારની ટક્કરે મોપેડ પર સવાર વકીલ દંપતી અને તેમના પુત્રને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જયારે કાર ચાલક નશાની હાલતમાં હોવાના આક્ષેપ સાથે વકીલે સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૩ ડી ખાતે રહેતા અંકુરભાઈ મયુરચંદ્ર ત્રિવેદી (ઉં.વ.૪૧) લાલ દરવાજા ખાતે આવેલી લેબરકોર્ટમાં વકીલાત કરે છે. શનિવારના રોજ રાત્રીના ૮ કલાકે તેઓ પત્ની અને ૭ વર્ષિય બાળક સાથે બહાર જમવા માટે નીકળ્યા હતા. મોપેડ લઈને તેઓ સરગાસણ ચોકડીથી આગળ જતા પેરામાઉન્ટ ફલેટની સામે એક કાર ચાલકે મોપેડને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ત્રણેય જણા માર્ગ પર પટકાતા ત્રણેય ને હાથેપગે અને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જેમાં વકીલના પત્નીને હાથે ફ્રેકચર થયુ છે. જયારે અકસ્માત કરી ભાગી છુટેલા જી.જે.૦૧.કે.આર.-૪૨૩ કારના ચાલક સામે સે-૭ માં ફરીયાદ નોંધાવતા પોલીસે ફરાર કાર ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### ચિરવિદાય

- સ્વ. ધવલ દિનેશકુમાર પિત્તરીયા, ઉ.વ. ૩૦
- સ્વ. ત્રિવેદી રાગીણી પંકજકુમાર, ઉ.વ. ૪૩
- સ્વ. દંતાણી જગુભાઈ રામજીભાઈ, ઉ.વ. ૫૭
- સ્વ. પંચાલ ભરતભાઈ રતિલાલ, ઉ.વ. ૪૫
- સ્વ. આદિવાસી લખાજી દરગાજી, ઉ.વ. ૫૫
- સ્વ. બબુબેન મફતલાલ મિસ્ત્રી, ઉ.વ. ૭૮
- સ્વ. લીલાબેન પૃથ્વીસિંહ પરમાર, ઉ.વ. ૬૨
- સ્વ. કુંદાલોરે વેંકટરમા રાઘુરમન, ઉ.વ. ૭૨
- સ્વ. નિનાદ મુકુંદભાઈ દવે, ઉ.વ. ૪૬
- સ્વ. પ્રહલાદભાઈ પુરૂષોત્તમભાઈ ગૌસ્વામી, ઉ.વ. ૬૫

# ટેકનોલોજી અને સલામતીનો અનોખો સમન્વય એટલે સ્માર્ટ લિવિંગ




## ટેકનોલોજીના ઉપયોગની સેફટી પુરી પાડતા નવનવા ઉપકરણોના શો-રૂમનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

ટેકનોલોજીના વેગ સાથે વે ઓફ લિવિંગ પણ જોડાઈ રહ્યું છે. શહેરમાં ગાંધીનગરના યુવક દ્વારા સ્માર્ટ લિવિંગ નામક સિકયોરીટી અને ઓટોમેશન શો રૂમ બન્યો છે. જેમાં આઈઓટી સિસ્ટમ દ્વારા કોઈ પણ ઈલેકટ્રીકલ વસ્તુને દુનિયાના કોઈ પણ ખૂણેથી ઓપરેટ કરી શકાય છે. જે સંપૂર્ણ વાયરીંગ સિસ્ટમ છે. જેમાં મુખ્યત્વે વિડિયો અને ડિઝિટલ ડોર ફોન, વાયરલેસ કેમેરા, મોશન સેન્સર, એર પ્યુરિફાયર, હોમ થીએટરનો સમાવેશ થાય છે. જે વાયરલેસ સિસ્ટમ ઘરમાં ઈન્સ્ટોલ કરવાથી સેન્સર દ્વારા અથવા તો વોઈસ કમાન્ડ સાથે ઓપરેટ કરી શકાય છે. મુખ્યત્વે આ સિસ્ટમનો ઉપયોગ જેમ નવું ઘર બનાવતી વખતે ટાઈલ્સ પસંદ કરાય છે તેમ સિસ્ટમ પણ ઘર બનતા અથવા તો ઘર બન્યા પછી લગાવી શકાય છે. સંપૂર્ણ સિસ્ટમ વાયરલેસ અને વાઈફાઈથી કનેકટેડ ફોનથી ઓપરેટ થતી હોવાથી દૂરથી પણ ઘરમાં થતી ક્રિયા પ્રતિક્રિયા પર ધ્યાન રાખી શકાય છે. સ્માર્ટ સેન્સરથી ઘરમાં અવર જવર સાથે લાઈટસ ઓન ઓફ થી લઈ ડોર ઓપન-કલોઝ સિસ્ટમ પણ ડેવલપ થયેલી છે. આ ઉપરાંત એલેકઝા અને ગુગલ હોમ દ્વારા વોઈસ કમાન્ડથી સિસ્ટમ ઓપરેટ થઈ શકે છે. કહી શકાય કે બેઠા બેઠા કલ્પના કરો તે જ મુવમેન્ટ આ સિસ્ટમથી શકય બને છે.

# સરગમ મ્યુઝિકની કરાઓકે ધૂન...!!!






ગાંધીનગર, તા.૨૮

શહેરમાં સંગીત રસિકોમાં હવે કરાઓ કે રીધમ આધારિ ગાયકીનો શોખ વધતો જાય છે અને શહેરમાં કેટલાક મ્યુઝિકલ ગ્રુપ દ્વારા આવી પ્રતિભાઓને સ્ટેજ આપવા પ્રયાસ કરાઈ રહ્યો છે. શનિવારની સાંજે સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે સરગમ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા આ પ્રકારે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં પંકજકુમાર કિરીટકુમાર અગ્રાવત સહિત શહેરના અગ્રણી કરાઓ કે સિંગર્સે મોટી સંખ્યામાં પરફોર્મન્સ કર્યું હતું. જેને શ્રોતાઓએ મન મુકીને માણ્યું હતું.

# મહેમાન વાહન વગર પધારે તો જ 'અતિથિ દેવો ભવ...!!!'

## સોસાયટીના દરવાજે 'મુલાકાતીઓએ વાહન બહાર પાર્ક કરવા' તેવું બોર્ડ લગાડવું ગેરકાયદેસર : જીડીસીઆર અનુસાર સોસાયટીના પાર્કિંગના ૨૦ ટકા પાર્કિંગ મુલાકાતીઓ માટે અનામત રાખવું જરૂરી




ગાંધીનગર, તા.૨૮

'મહેમાન જો હમારા હોતા હૈ, વો જાન સે પ્યારા હોતા હૈ' રાજકપુરની જુની હિન્દી ફિલ્મ 'જીસ દેશ મેં ગંગા બહેતી હૈ'ના આ ગીતમાં ભારતીય સંસ્કૃતિના પેટભરીને ગુણગાન ગાયા છે. જેમાં આપણી સુપ્રસિધ્ધ 'અતિથિ દેવો ભવઃ'ની ભાવના આ પંકિતમાં ઉજાગર કરવામાં આવી છે. જેને સરેરાશ ભારતીય હોંશે હોંશે ગાતો હોય છે. ગુજરાત અને તેમાં પણ સૌરાષ્ટ્રમાં મહેમાન ગતિ એક લ્હાવો હોય છે તેવું પણ આપણે અનેક ડાયરાઓમાં કથા પારાયણોમાં સાંભળતા રહીએ છીએ પરંતુ આજના ઝડપથી વિકસી રહેલા મલ્ટીસ્ટોરેડ એપાર્ટમેન્ટસના કલ્ચરમાં વધતી જતા પાર્કિંગ સમસ્યાના દૌરમાં આપણે સોસાયટીના પ્રવેશદ્વારે આવું બોર્ડ લગાડતા જરા પણ અચકાતા નથી કે 'મહેમાનોએ તેમના વાહન બહાર પાર્ક કરવા.'

ગુજરાતમાં વિકાસની સાથે સાથે વાહનોની સંખ્યામાં પણ ઝડપથી વધારો થઈ રહ્યો છે અને માત્ર હાઈવે જ નહી પરંતુ શહેરના આંતરિક વિસ્તારોમાં પણ મુખ્ય માર્ગો સિકસ લેન કરવા પડી રહ્યા છે. વધતી જતી વાહનોની સંખ્યા સાથે જ વાહન પાર્કિંગની સમસ્યા પણ માથાનો દુઃખાવો બની રહી છે. જો કે વાહન પાર્કિંગની વધતી સમસ્યા આપણા ઈન્ફ્રાસ્ટ્રકચર્સ ડેવલપમેન્ટની અણઘડ અને બેજવાબદાર નીતિઓ-પધ્ધતિઓ જવાબદાર છે જેમાં આપણે રહેણાંક સોસાયટી હોય કે કોમર્શિયલ કોમ્પ્લેક્ષ હોય અથવા જાહેર ઉપયોગના બાંધકોમ હોય, દરેક સ્થળે પુરતી પાર્કિંગ વ્યવસ્થા કરવાને અવગણીએ છીએ અને જો કદાચ અન્ડરગ્રાઉન્ડ ભોંયરા સાથે વ્યવસ્થા વિકસાવી હોય તો તેને બંધ રાખી તેમાં ગેરકાયદેસર દબાણો કરી દુકાનો ગોડાઉનો ઉભા કરી દેતા અચકાતા નથી. એટલું ઓછું હોય તેમ તંત્ર દ્વારા આ ગેરકાયદેસર બાંધકામોને સમયાંતરે 'ઈમ્પેકટ ફી' જેવા સગવડીયા 'કમાઉ' ઉપાયો સૂચવી કાયેદસર કરી દેવાની મીલીભગતો પાર્કિંગની સમસ્યાને વધુને વધુ વકરાવે છે. રહેણાંક સોસાયટીઓમાં પણ હવે અપુરતા પાર્કિંગ લોટની ખામીને છાવરવા 'મહેમાનોએ તેમના વાહન બહાર પાર્ક કરવા' જેવા બોર્ડ લગાડી સમસ્યામાંથી છટકી જવાના રસ્તા કરાય છે જે તદ્દન ગેરકાયદેસર હોવા ઉપરાંત ગેરવ્યાજબી પણ છે. વળી મહેમાનોને તેમના વાહન સોસાયટીની બહાર પાર્ક કરવા કહેવું તે નૈતિક રીતે પણ યોગ્ય નથી.






હજુ એકાદ માસ પહેલા જ સુરતમાં મહાનગરપાલિકની રોડ સેફટી કાઉન્સિલની બેઠકમાં આ બાબતે થયેલી ફરિયાદને અનુલક્ષીને પોલીસ કમિશનર સતિષ શર્માએ લાલ આંખ કરી હતી અને શહેરમાં 'મુલાકાતીઓએ વાહન બહાર પાર્ક કરવા' એવા બોર્ડ લગાડનાર હાઈરાઈઝ એપાર્ટમેન્ટસ, સોસાયટીઓને આકરા દંડ ફટકારી બોર્ડ ઉતરાવ્યા છે એટલું જ નહી સાથે વીઝીટર પાર્કિંગની વ્યવસ્થા પણ કરવા ફરજ પાડી છે. આ જ રીતે થોડા સમય પૂર્વે અમદાવાદમાં પણ અનેક સોસાયટીઓ દ્વારા ગેરકાયદેસર રીતે લગાડાયેલા બોર્ડ ઉતરાવી દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. સુરતની રોડ સેફટી કાઉન્સિલની બેઠકમાં સ્પષ્ટ ચર્ચા કરાઈ હતી કે સરકાર દ્વારા બનાવાયેલ 'સામાન્ય વિકાસ નિયંત્રણના ધારાધોરણ' એટલે કે જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન જેને ટૂંકમાં જીડીસીઆર તરીકે ઓળખવામાં આવે છે તે મુજબ દરેક રહેણાંક સોસાયટીમાં કુલ પાર્કિંગના ૨૦ ટકા પાર્કીંગ મુલાકાતીઓ માટે અનામત રાખવું ફરજિયાત છે. જયારે રહેણાંક સોસાયટીઓમાં આ નિયમનું પાલન થતું નથી ત્યારે તેની સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. માત્ર અમદાવાદ-સુરત જ નહી પરંતુ સંપૂર્ણ રીતે આયોજનબધ્ધ વિકસાવવામાં આવેલા રાજયના પાટનગર ગાંધીનગરમાં પણ આ પ્રકારના બોર્ડ ઠેર ઠેર જોવા મળી રહ્યા છે અને આ સમસ્યા લગભગ રાજયના દરેક નાના-મોટા શહેરમાં વકરી રહી છે.

અત્યારે વેકેશનનો સમયગાળો ચાલી રહ્યો છે અને એકબીજા સગાસંબધીઓ કે સ્નેહીજનોને ત્યાં મહેમાનગતિ માણવાનો સમય છે પરંતુ જયારે તમારા ઘરે મહેમાન તેમના વાહન સાથે રોકાવા માટે આવે છે ત્યારે તેમને સોસાયટીની બહાર રસ્તા પર જોખમી રીતે વાહન પાર્ક કરવાનું કહેવું કેટલું યોગ્ય ગણાય? આ રીતે રામભરોસે કરાતા વાહન પાર્કિંગથી મહેમાનનો જીવ તો ઉચાટમાં રહે જ છે પરંતુ સાથે સાથે રોડ પર ટ્રાફિક જામ સહિતની સમસ્યાઓ પણ સર્જાય છે. આપણી ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ 'અતિથિ દેવો ભવઃ' નિભાવીએ અને અમદાવાદના નરોડામાં તક્ષશિલા એપાર્ટમેન્ટ જેવી સોસાયટીઓમાં કરવામાં આવેલી 'વીઝીટર પાર્કિંગ'ની સુવિધા પુરી પાડી વટભેર દરવાજે લખીએ 'સુસ્વાગતમ્'.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com